# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-11-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : ગોવા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિકસિત ભારતનો માર્ગ તેના લોકોની એકતામાં રહેલો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓ છતાં, ગોવાએ માત્ર તેની મૂળ સંસ્કૃતિને જ સાચવી રાખી નથી પરંતુ સમય જતાં તેને બદલી પણ છે. ગોવાના કાનાકોનામાં શ્રી સંસ્થાન ગોકર્ણ પર્તગાલી જીવોત્તમ મઠ ખાતે એક કાર્યક્રમમાં, શ્રી મોદીએ ઐતિહાસિક મઠના સમાજમાં સતત યોગદાનની પ્રશંસા કરી.

**--------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી : કર્ણાટક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને આત્મનિર્ભર બનાવવા માટે નવ સંકલ્પો બહાર પાડ્યા છે. શ્રી મોદીએ કર્ણાટકના ઉડુપીમાં આ મુદ્દાઓ પ્રત્યે લોકોની પ્રતિબદ્ધતાનું આહ્વાન કર્યું. કર્ણાટકના ઉડુપીમાં શ્રી કૃષ્ણ મઠ ખાતે લક્ષ કંઠ ગીતા પારાયણ કાર્યક્રમમાં બોલતા, શ્રી મોદીએ દેશવાસીઓને કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા, બાજરીનો ઉપયોગ કરીને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા, તેલનો વપરાશ ઘટાડવા અને યોગને તેમના રોજિંદા જીવનનો ભાગ બનાવવા અપીલ કરી.

**--------------------------------------------------------------------------------------**

## GDP : ત્રિમાસિક વૃદ્ધિદર

ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિ-માસિકમાં દેશનો કુલ સ્થાનિક ઉત્પાદન **(GDP)** વૃદ્ધિ દર **8.2** ટકા હતો. ઉત્પાદન, ગૌણ અને તૃતીય ક્ષેત્રોના મજબૂત પ્રદર્શનને કારણે ઝડપી વૃદ્ધિ દર શક્ય બન્યો છે. બીજા ત્રિ-માસિકમાં **GDP** વૃદ્ધિ દર ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિ-માસિકમાં **7.8** ટકા અને ગયા વર્ષના સમાન સમયગાળામાં **5.6** ટકા હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં **8.2** ટકાના જીડીપી વૃદ્ધિદરને બિરદાવ્યો છે

---------------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી - દિલ્હી : સુજલામત ભારત પરિષદ

જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે ગઇકાલે જાહેરાત કરી હતી કે જલ જીવન મિશન હેઠળ દેશભરના **15** કરોડ ગ્રામીણ પરિવારોને નળના પાણીના જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં સુજલામ ભારત પરિષદમાં બોલતા, શ્રી પાટીલે દરેક નાગરિક માટે ટકાઉ પાણી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. આ પ્રસંગે શ્રી પાટીલે જળ શક્તિ માટે ઉદાહરણ રૂપે ગુજરાતનાં બનાસકાંઠા જિલ્લાની વાત કરી.

---------------------------------------------------------------------------------

## રાજ્ય : મતદાર યાદી સુધારણા

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – **S.I.R.** પ્રક્રિયા હેઠળ પરત મળેલા **81** ટકાથી વધુ ગણતરીપત્રકનું ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. જ્યારે **89.61** ટકા ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે રહ્યો છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – **S.I.R.** માટે આજથી બે દિવસ તમામ **182** વિધાનસભા મતવિસ્તારમાં તાલુકાસ્તરની શિબિર યોજાશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાની સૂચના મુજબ યોજાનારી આ શિબિરમાં મામલતદાર, પ્રાન્ત કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે.

---------------------------------------------------------------------------------

# કચ્છ: મતદાર યાદી સુધારણા

હાલમાં ચાલી રહેલી વિશેષ સઘન મતદાર યાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત કચ્છ જિલ્લાના છ વિધાનસભા મતદાર વિભાગોમાં આવેલ જુદા જુદા સ્થળો ખાતે આજે શનિવાર તથા રવિવારના સવારે 10 કલાકથી સાંજે 5 કલાક સુધી ગણતરી ફોર્મ ભરીને કેમ્પ ખાતે જમા કરાવી શકાશે.

---------------------------------------------------------------------------------

# કચ્છ : હવામાન

કચ્છમાં ઝાકળવર્ષા સાથે ધુમ્મસિયો માહોલ છવાતાં આખો દિવસ ધૂંધળું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણમાં ધુંધવાશ વચ્ચે લઘુતમ પારો એકાદ ડિગ્રી ઊંચકાવા છતાં ટાઢક યથાવત રહી હતી. હવામાન વિભાગે બે દિવસ બાદ લઘુતમ પારો બેથી ત્રણ ડિગ્રી ગગડવાની આગાહી કરી છે. આખો દિવસ તડકાની ઓછી હાજરી અને પવનના પ્રભાવના લીધે ઠંડકનો માહોલ જળવાયેલો રહ્યો હતો. કચ્છમાં ધુમ્મસિયા માહોલની હાજરી વચ્ચે પડોશી જિલ્લા બનાસકાંઠાના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ વરસતાં સ્થાનિકે ધરતીપુત્રોના મુખ પર થોડી ચિંતા જોવા મળી હતી.

---------------------------------------------------------------------------------

# કચ્છ : સિંધી સાહિત્ય સર્જકને પુરસ્કાર

કચ્છના જાણીતા સિંધી સર્જક કલાધર મુતવાને તેમના સિંધી વાર્તાસંગ્રહ `ઉકીર'ને ગુજરાત સરકારની સિંધી સાહિત્ય અકાદમીનો વર્ષ 2023નો પ્રથમ પુરસ્કાર જાહેર કરાયો છે. તેમને આ માટે રૂા. 11000નું રોકડ માનધન તથા પ્રમાણપત્ર એનાયત કરાશે. શ્રી મુતવા સિંધી સાહિત્યના સર્જન દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર-પરિસંવાદમાં ઉપસ્થિત રહી પોતાના સર્જનને રજૂ કરતા રહે છે. તાજેતરમાં અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી ખાતે `વારસા વ્યવસ્થાપન અને ટકાઉપણા' એ વિષયના રાષ્ટ્રીય સેમિનારમાં કચ્છનું પ્રતિનિધિત્વ એમણે કર્યું હતું.

---

## રાજ્ય : શાળા સ્તરની સ્પર્ધામાં કાંસ્ય પદક

**રાજ્યનાં ખેલાડી કાજલ વાજાએ રાષ્ટ્રીય શાળાસ્તરની સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. ગુજરાત રમતગમત સત્તામંડળ દ્વારા જણાવ્યા મુજબ, હરિયાણાના ભિવાનીમાં યોજાયેલી 69-મી રાષ્ટ્રીય શાળાસ્તરની રમત સ્પર્ધામાં 19 વર્ષથી ઓછી વયની એથ્લેટિક્સ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી.**

---